# શેત્રુંજી નદીમાં બેફામ ખનન : લીઝની આડમાં ખનીજ ચોરી અને દાદાગીરી સામે ખેડૂતોનો હલ્લાબોલ

## તળાજા-પાલીતાણાના ગ્રામજનોએ કલેક્ટરને પાઠવ્યું આવેદનપત્ર ; ઉકેલ નહીં આવે તો ગાંધીનગર સુધી ઉગ્ર આંદોલનની અપાઈ ચીમકી

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના તળાજા અને પાલીતાણા તાલુકાની સરહદે આવેલા પિંગળી, રાથળી અને લાપાળીયા ગામો વચ્ચેથી પસાર થતી શેત્રુંજી નદીમાં ચાલી રહેલા બેફામ અને ગેરકાયદેસર રેતી-પથ્થર ખનનને લઈને સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. આ ગેરકાયદે પ્રવૃત્તિઓ પર તાત્કાલિક રોક લગાવવાની માગ સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો અને ખેડૂતોએ જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

રજૂઆતમાં ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, પિંગળી ગામના સહદેવ ગોવિંદભાઈ પરમાર રેતીની લીઝ ધરાવે છે, પરંતુ તેની ઓથ હેઠળ નિયમો નેવે મૂકીને અનધિકૃત વિસ્તારોમાંથી મોટા પાયે ગેરકાયદે ખનન કરવામાં આવી રહ્યું છે. નદીમાંથી બેફામ રેતી ઉપાડવાના કારણે ઊંડા ખાડા પડી ગયા છે, જેનાથી કાંઠાનું ભારે ધોવાણ થતાં આસપાસના ખેડૂતોની જમીનો જોખમમાં મુકાઈ છે. તદુપરાંત, આ ખાડાઓમાં પડી જવાથી માલઢોરના મોત થઈ રહ્યા છે અને ઓવરલોડ વાહનોની સતત અવરજવરથી ગામના રસ્તાઓ પણ અત્યંત બિસ્માર બની ગયા છે.



તસવીર : ધવલ વાજા

### ખેડૂતોને હાથ-પગ ભાંગી નાખી, મારી નાખવાની અપાઈ રહી છે ધમકી !

આ આવેદનપત્ર આપવામાં નાની રાજસ્થળી અને ઘેલાપરા ગામના લોકો પણ જોડાતાં જણાવ્યું હતું કે, તેમના વિસ્તારમાં પણ ખનીજ માફિયાઓ દ્વારા સમાન પરિસ્થિતિ ઊભી કરવામાં આવી છે. વધુમાં, વિરોધ કરનાર ખેડૂતોને "હાથ-પગ ભાંગી નાખીશું અને મારી નાખીશું" જેવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી દાદાગીરી કરવામાં આવી રહી છે. ગ્રામજનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો વહીવટી તંત્ર દ્વારા કડક તપાસ કરી પગલાં લેવામાં નહીં આવે, તો આ મામલે ગાંધીનગર સુધી લડત લંબાવીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## એનાલોગ પનીર મામલે સતત બીજા દિવસે મ્યુ.ફૂડ વિભાગનું ચેકીંગ

ભાવનગર,તા.૮

સરકારે એનાલોગ પનીર પ્રતિબંધ મુકયો છે તેથી ગાંધીનગર ફૂડ વિભાગની વડી કચેરીની સૂચના અનુસાર ભાવનગર મહાનગરપાલિકાના ફૂડ વિભાગે એનાલોગ પનીરના મામલે ગત ગુરૂવારે તપાસ હાથ ધરી હતી અને હિમાલીયા મોલમાં આવેલ ૬ રેસ્ટોરન્ટ-કેફેમાં તપાસ કરી હતી પણ એનાલોગ પનીર મળ્યુ ન હતું. જયારે શુક્રવારે સતત બીજા દિવસે હિમાલીયા મોલ તેમજ તેની નજીક આવેલ વધુ ૧૩ રેસ્ટોરન્ટ-કેફેમાં તપાસ હાથ ધરવામાં આવી હતી, જો કે બીજા દિવસે પણ એક પણ રેસ્ટોરન્ટ-કેફેમાંથી એનાલોગ પનીર મળ્યુ ન હતુ તેથી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાનુ ફૂડ વિભાગના સુત્રોએ જણાવેલ છે. બે દિવસમાં ૧૯ રેસ્ટોરન્ટ-કેફેમાં તપાસ કરવામાં આવી હતી.

## કેન્દ્રીય મંત્રી બાંભણીયાએ રાષ્ટ્રીય હસ્તકલા સંગ્રહાલયની મુલાકાત લીધી; પરંપરાગત કારીગરો સાથે કર્યો સંવાદ

### હાથસાળ આપણો વારસો અને વણકરો આપણું ગૌરવ છે, વડાપ્રધાન મોદીના ‘વોકલ ફોર લોકલ’ મિશનથી કારીગરોને નવી આજીવિકા મળવાનો મંત્રી નિમુબેને વ્યક્ત કર્યો આશાવાદ

ભાવનગર,તા.૮

રાષ્ટ્રીય હાથવણાટ દિવસ નિમિત્તે ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાએ નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રીય હસ્તકલા સંગ્રહાલય અને હસ્તકલા એકેડેમીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે હાથવણાટ ક્ષેત્ર સાથે જોડાયેલા દેશભરના પરંપરાગત કારીગરો સાથે પ્રત્યક્ષ વાતચીત કરી હતી.



સંવાદ દરમિયાન મંત્રીએ કારીગરોના અનુભવો, તેમની પરંપરાગત કળા, નકશીકામ અને અનોખા કૌશલ્યો વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી. ભારતીય હાથવણાટની પ્રાચીન પરંપરાને આજે પણ જીવંત રાખવામાં વણકરો અને કારીગરોના અજોડ યોગદાનની તેમણે ભારોભાર પ્રશંસા કરી હતી અને તેમની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "વોકલ ફોર લોકલ" આહ્વાનનો વિગતે ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, હાથવણાટ ક્ષેત્ર એ માત્ર એક ઉદ્યોગ નથી, પરંતુ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, આત્મનિર્ભરતા અને લાખો વણકર પરિવારોની આજીવિકાનો મજબૂત આધારસ્તંભ છે. "વોકલ ફોર લોકલ" જેવી રાષ્ટ્રીય પહેલોને કારણે વણકરોને હવે સ્થાનિક બજારોમાં વધુ સરળતાથી પહોંચ મળી રહી છે, જેનાથી તેમની આવકની નવી તકો ઊભી થઈ છે અને પરંપરાગત કૌશલ્યોનું જતન પણ થઈ રહ્યું છે. પોતાના સંબોધનમાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, "આપણા હાથસાળ આપણો અમૂલ્ય વારસો છે અને આપણા વણકરો દેશનું સાચું ગૌરવ છે. ભારતીય હાથસાળ અને હસ્તકલા આપણી સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને આત્મનિર્ભર ભારતની વૈશ્વિક ઓળખને સતત મજબૂત બનાવી રહ્યા છે."

## મહુવાનો માલણ ડેમ બીજી વાર ઓવરફ્લો...



મહુવાનો જીવાદોરી સમાન માલણ ડેમ બીજી વાર ઓવરફ્લો થયો છે. આ ડેમ છલકાઈ જતાં આસપાસના વિસ્તારોમાં ખુશીનો માહોલ છવાયો છે. આ ડેમ નીચે આવતા ગામોમાં કાળેલા, કુંભણ, કુંજળી, રાજાવદર, બોરડી, મહુવા અને કતપરનો સમાવેશ થાય છે.ચોમાસાનો લગભગ ૫૦ ટકા જેટલો વરસાદ વરસી ચૂક્યો છે, ત્યારે ડેમ બીજી વાર છલકાઈ જતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ ડેમનું પાણી શિયાળા અને ઉનાળાની ખેતી માટે વરદાનરૂપ ગણાય છે.

## સરકારી કર્મીઓના ડુપ્લીકેટ આધાર ઉભા કરી ગ્રાહકોને વીઆઈના કનેકશન આપવાનું કૌભાંડ

### ગઢેચી વડલા સ્થિત ‘વીઆઈ સ્ટોર’માં એસઓજીની તપાસ બાદ બે સામે ગુન્હો નોંધાયો

ભાવનગર,તા.૮

ભવનગર એસઓજી ટીમેં ચોક્કસ બાતમીના આધારે ગઢેચી વડલા સ્થિત એ-૧ કોમ્યુનિકેશન ’વીઆઈ સ્ટોર’માં તાપસ હાથ ધરી હતી જેમાં ખુલ્યું હતું કે, સ્ટોર સંચાલક નયન સતીષભાઈ લુભાણી સામાન્ય ગ્રાહકોના આધાર કાર્ડ મેળવી તેનો દુરુપયોગ કરતો હતો.

સરકારી કર્મચારીઓને સસ્તા દરે મળતા સીયુજી પ્લાન વાળા સીમકાર્ડ મેળવવા માટે તે ગ્રાહકોના આધાર કાર્ડ પરથી સરકારી કચેરીના ખોટા ડોક્યુમેન્ટ અને આઈડી કાર્ડ બનાવતો હતો. દરોડા દરમિયાન પીજીવીસીએલ, મહાનગરપાલિકા અને એલઆઈસીના નકલી કાર્ડ મળ્યા હતા. દુકાનમાંથી વીજ કંપની, ભાવનગર મહાનગરપાલિકાના હેલ્થ ડીપાર્ટમેન્ટ તથા એલઆઈસીના નામના અનેક બોગસ આઈડી કાર્ડ અને નાગરિકોના આધાર કાર્ડ મળી આવ્યા હતા. પૂછપરછમાં સામે આવ્યું કે, નયન લુભાણી ગ્રાહકોના આધાર કાર્ડ તેના ભાગીદાર બિજરાજસિંહ જાડેજાને આપતો હતો, જે કમ્પ્યુટરની મદદથી નકલી સરકારી આઈડી કાર્ડ તૈયાર કરી આપતો હતો. એસઓજીએ બોરતળાવ પોલીસ મથકે ગુનો નોંધી, પોલીસે તમામ બોગસ દસ્તાવેજો અને મોબાઈલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાવનગર ST વિભાગને યાત્રિકોએ આપ્યું 4.7 સ્ટાર રેટિંગ

### બસની સીટ પરના ક્યુઆર કોડ દ્વારા 36,000થી વધુ મુસાફરોએ આપ્યો ફિડબેક; સ્ટાફના વર્તન અને સલામતીને મળ્યા 4.9 સ્ટાર

ભાવનગર,તા.૮

એસ.ટી. ભાવનગર વિભાગ દ્વારા મુસાફરોને ઉત્કૃષ્ટ સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી બસોની સ્વચ્છતા, નિયમિત સંચાલન અને સ્ટાફના સૌજન્યપૂર્ણ વ્યવહાર અંગે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ માટે નિગમ દ્વારા દરેક બસની સીટ પર ઊઇ કોડ મૂકવામાં આવ્યો છે, જેથી મુસાફરો સીધો જ પોતાનો અનુભવ શેર કરી શકે.

એપ્રિલ-૨૦૨૬થી અત્યાર સુધીમાં ભાવનગર વિભાગની બસોમાં મુસાફરી કરનારા કુલ ૩૬,૬૮૨ મુસાફરોએ ઊઇ કોડ સ્કેન કરીને પ્રતિસાદ આપ્યો છે, જેમાં માત્ર ચાલુ સપ્તાહમાં જ ૨,૦૫૨ લોકોએ પોતાનો અભિપ્રાય નોંધાવ્યો છે. આ વિહંગાવલોકનના આધારે ભાવનગર જી્ ડિવિઝનને ૫માંથી સરેરાશ ૪.૭ સ્ટાર રેટિંગ પ્રાપ્ત થયું છે. જેમાં સ્ટાફની વર્તણૂક અને સલામતીને ૪.૯, બસની સ્વચ્છતા તથા સમયપાલનને ૪.૮ અને બસની સ્થિતિને ૪.૮ સ્ટાર મળ્યા છે. વિભાગીય નિયામક આર.ડી. પીલવાઈકરે સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા મુસાફરોને સતત ફિડબેક આપવા અપીલ કરી છે.

## સિંધી સમાજ ભગવાન ઝૂલેલાલની ભક્તિમાં થશે લિન : કાલથી ચાલીસા મહાવ્રતનો પ્રારંભ

### ૪૦ દિવસ સુધી ભાવિકો કઠોર નિયમોનું પાલન કરી કરશે આરાધના; વિવિધ મંદિરો-આશ્રમોમાં ધાર્મિક કાર્યક્રમોની તડામાર તૈયારીઓ



### વ્રતધારકો કઠિન નિયમો પાળીને કરે છે આરાધના

ચાલીસા મહાવ્રત દરમિયાન વ્રતધારકો અત્યંત કઠિન નિયમોનું પાલન કરે છે. આ ૪૦ દિવસમાં પુરુષોએ વાળ કે દાઢી ન કપાવવા અને બહેનોએ બ્યુટી પાર્લરની પ્રક્રિયાઓથી દૂર રહેવાનું હોય છે. ખોરાકમાં દૂધ, સફેદ વસ્તુઓ કે તળેલું ખાવાની મનાઈ સાથે માત્ર બાફેલો ખોરાક જ લેવાય છે. તદુપરાંત, પલંગ કે ગાદલાને બદલે જમીન પર શયન કરી અને સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીને શ્રદ્ધાળુઓ સૃષ્ટિના કલ્યાણ માટે ભગવાન ઝૂલેલાલની આરાધના કરશે.

ભાવનગર,તા.૮

ભાવનગર શહેરમાં વસતા સિંધી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારે આસ્થા અને ઉત્સાહ સાથે પાવન પર્વ ભગવાન ઝૂલેલાલના ચાલીસા મહાવ્રતનો પ્રારંભ આગામી તા. ૯-૮-૨૦૨૬ ને રવિવારથી થવા જઈ રહ્યો છે. સમગ્ર સિંધી સમાજ માટે શ્રદ્ધા અને સમર્પણના પ્રતીક સમાન આ ૪૦ દિવસના કઠોર વ્રત દરમિયાન ભાવિકો નિયમબદ્ધ વિશિષ્ટ પૂજા-અર્ચના કરશે અને વ્રતના અંતિમ દિવસે દરિયામાં મટકી પ્રવાહન કરીને આ મહાવ્રતની ભાવપૂર્વક પૂર્ણાહુતિ કરવામાં આવશે.

આ પર્વને અનુલક્ષીને શહેરના રસાલા કેમ્પ સ્થિત ઝૂલેલાલ મંદિર, સિંધુનગર, રૂપમ ચોક ખાતે આવેલા સંત પ્રભારામ આશ્રમ તેમજ ઘોઘાગેટ સ્થિત સંત પ્રભારામ જલ આશ્રમ ખાતે દરરોજ પૂજન-અર્ચનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ચાલીસા મહાવ્રત દરમિયાન દરરોજ ભક્તજનો માટે મહાઆરતી, અખંડ જ્યોત પૂજન, સત્સંગ અને ભજન-કીર્તન યોજાશે, જ્યારે વિશિષ્ટ ભહેરાણા સાહેબની શોભાયાત્રા પણ નીકાળવામાં આવશે. ભાવનગર સિંધી સમાજ અને વિવિધ કમિટીઓ દ્વારા આ ધાર્મિક મહોત્સવને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

## રેલવેના પાણીથી પાક ધોવાયો: ઉકેલ ન મળતાં ‘રેલરોકો’ આંદોલનની ચીમકી

### પીપાવાવ રેલ તંત્રની બેદરકારીથી 150 ખેડૂતોને મોટું નુકસાન; DRMને રજૂઆત છતાં તંત્ર નિષ્ક્રિય રહેતાં આક્રોશ

રાજુલા,તા.૮

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કડિયાળી ગામે રેલવે તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. પીપાવાવ રેલ તંત્ર દ્વારા ટ્રેક ઉપર ભરાઈ ગયેલા વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવાના બદલે તેને સીધો કડિયાળી ગામ તરફ છોડી દેવામાં આવતાં સ્થાનિક ખેડૂતોના ખેતીપાકોનું વ્યાપક ધોવાણ થયું છે. અચાનક ધસી આવેલા પાણીના કારણે આશરે ૧૫૦થી વધુ ખેડૂતોની વાવણી સંપૂર્ણપણે નિષ્ફળ જતાં ધરતીપુત્રોને ભારે આર્થિક નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.

આ પાણી માત્ર ખેતરો સુધી સીમિત ન રહેતાં અડધા ગામમાં પણ ફરી વળ્યા છે. જેના કારણે ગ્રામજનો, ખેતમજૂરો, સ્થાનિક વેપારીઓ અને શાળાએ જતા વિદ્યાર્થીઓને રોજિંદા અવરજવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સમગ્ર ગામમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતા લોકોમાં ભારે રોષ વ્યાપ્યો છે.

આ ગંભીર મુશ્કેલી અંગે કોળી સમાજના આગેવાન રાજુભાઈ સોલંકી અને પીડિત ખેડૂતોએ ભાવનગર ડીઆરએમ (DRM)ને લેખિતમાં રજૂઆત કરી હતી. તેમણે ચોમાસાના પાણીના નિકાલ માટે કાયમી વ્યવસ્થા કરવા અને નુકસાનગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરી હતી. પરંતુ રજૂઆત કર્યા બાદ પણ રેલવે પ્રશાસન દ્વારા કોઈ સકારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી.

તંત્રના આ ઉપેક્ષિત રવૈયા સામે હવે લડત આપવા માટે વીર માંધાતા સંગઠનના અધ્યક્ષ અને સ્થાનિક આગેવાનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આ પ્રશ્નનો વહેલી તકે ઉકેલ નહીં આવે, તો આગામી દિવસોમાં પીપાવાવ પોર્ટને કનેક્ટ કરતી તમામ ગુડ્ઝ અને પેસેન્જર ટ્રેનો રોકીને ઉગ્ર ’રેલરોકો’ આંદોલન છેડવામાં આવશે.

## ભાવનગરમાં ૨૫ ઓગસ્ટે તાલુકા કક્ષાનો ‘સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’

ભાવનગર,તા.૮

રાજ્ય સરકારના આદેશ અનુસાર તા. ૨૫/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સીટી મામલતદાર કચેરી, વિદ્યાનગર ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ) ના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.

ભાવનગર શહેરના અનિર્ણીત પ્રશ્નો માટે અરજદારો પાસેથી તા. ૧૦/૦૮/૨૦૨૬ સુધીમાં સીટી મામલતદારને સંબોધીને જરૂરી આધાર-પુરાવા સાથે અરજીઓ મંગાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગત બેઠકના બાકી અરજદારો તથા સંબંધિત વિભાગોએ આધારો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. અરજદારે જાતે રૂબરૂ હાજર રહી એક જ વિષયને લગતી રજૂઆત કરવાની રહેશે. કોઈ પણ પ્રકારની સામૂહિક રજૂઆત કરી શકાશે નહીં તેમ સીટી મામલતદારની યાદીમાં જણાવાયું છે.

## આંતર યુનિવર્સિટી લોન ટેનિસ સ્પર્ધા માટે 10 વિદ્યાર્થીનીની થઈ પસંદગી

ભાવનગર,તા.૮

મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી શા.શિ. વિભાગ દ્વારા આંતર કોલેજ સ્પર્ધા અંતર્ગત લોન ટેનિસની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૨૧ ભાઈઓ અને ૧૪ બહેનોએ મળી ૩૫ કેલાડીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૧૦ ખેલાડીની આંતર યુની. સ્પર્ધા માટે પસંદગી કરાઈ છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ભાવનગરનાં શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા તા. ૬-૮થી તા. ૭-૮ના રોજ લોન ટેનિસ (ભાઈઓ-બહેનો) શારીરિક શિક્ષણ વિભાગ, એમ.કે. ભાવ. યુનિવર્સિટીનાં યજમાન પદે આંતર કોલેજ લોન ટેનિસ (ભાઈઓ-બહેનો) સ્પર્ધા ૨૦૨૬-૨૭નું આયોજન કરવામાં આવેલ. જેમાં ૭ કોલેજોનાં કુલ ૨૧ ભાઈઓ તથા ૦૫ કોલેજની કુલ ૧૪ બહેનો એમકુલ ૩૫ ખેલાડીઓ ભાઈઓ-બહેનોએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. જેમાં ભાઈઓનાં વિભાગમાં મારૂતિ વિદ્યામંદિર કોલેજનાં ડાભી હિતેશ, ચાવડા દિગ્વિજયસિંહ,સ્વામી સહજાનંદ કોલેજનાં દિવાકર દિશાંત, ચૌહાણ ભાવિન, દવે હર્ષની અને બહેનોમાં નંદકુવરબા મહિલા બીબીએ કોલેજનાં મકવાણા બંસી, યાદવ ખુશી, પરમાર વૈદેહી, મારુતિ કોલેજનાં કાવડ ધ્વનિ, ગોહિલ વૈદેહીબા એમ બન્નો વિભાગમાં ૫-૫ ખેલાડીની આંતર યુનિવર્સિટી સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ ઘોઘા ખાતે ઉજવાશે

## તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

ભાવનગર,તા.૮
આગામી તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના રો-રો ફેરી ગ્રાઉન્ડ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણીને સુચારુ, ગૌરવપૂર્ણ અને યાદગાર બનાવવા માટે જિલ્લા કલેક્ટર ડૉ. મનીષકુમાર બંસલના અધ્યક્ષસ્થાને સંબંધિત વિભાગોના અધિકારીઓની આયોજન અને પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટરએ કાર્યક્રમની તૈયારીઓની વિભાગવાર વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે બેઠક વ્યવસ્થા, વીજ પુરવઠો, પીવાના પાણીની સુવિધા, સાંસ્કૃતિક કાર્યક્રમો, કાર્યક્રમ સ્થળે વૃક્ષારોપણ, વાહન પાર્કિંગ, સરકારી કચેરીઓમાં રોશની અને રંગરોગાન, સ્વચ્છતા, આરોગ્ય સેવાઓ તેમજ મેડિકલ ટીમ સહિતની તમામ જરૂરી વ્યવસ્થાઓ સમયમર્યાદામાં ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રાષ્ટ્રીય ગૌરવને અનુરૂપ ભવ્યતા અને શિસ્ત સાથે યોજાય તે માટે તમામ વિભાગો પરસ્પર સંકલનથી કાર્ય કરે અને દરેક પૂર્વ તૈયારી સમયસર પૂર્ણ કરવાની તાકીદ કરી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એન. ડી. ગોવાણી સહિત વિવિધ વિભાગોના સંબંધિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેબિનેટ મંત્રી વાઘાણીએ પરંપરાગત હાથશાળના ઉત્પાદનોની ખરીદી કરી

### સ્થાનિક વણકરો અને કારીગરો સાથે આત્મીય સંવાદ કરી 'વોકલ ફોર લોકલ'નો આપ્યો સંદેશ





ભાવનગર,તા.૮
રાષ્ટ્રીય હાથશાળ દિવસ નિમિત્તે રાજયના કૃષિ, ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન અને મત્સ્યોદ્યોગના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આજે ભાવનગરના સ્થાનિક બજારમાંથી પરંપરાગત હાથશાળના ઉત્પાદનોની ખરીદી કરી હતી.

આ પ્રસંગે તેમણે સ્થાનિક વણકરો અને કારીગરો સાથે આત્મીય સંવાદ કરી તેમના પરિશ્રમ, કૌશલ્ય અને સર્જનાત્મકતાની પ્રશંસા કરી હતી.

મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે હાથશાળ પરંપરા આપણા કારીગરોના અદભૂત કૌશલ્ય, સર્જનાત્મકતા અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જીવંત ઓળખ છે. હાથથી વણાયેલા દરેક ઉત્પાદનમાં પરિશ્રમ, કલાત્મકતા અને આત્મીયતાનો અનોખો સમન્વય જોવા મળે છે, જે દેશની પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખે છે.

તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ફોર ગ્લોબલ'ના વિઝનને સાકાર કરવા માટે સ્થાનિક ઉત્પાદનોને પ્રાધાન્ય આપવું જરૂરી છે. સ્થાનિક હાથશાળના ઉત્પાદનોની ખરીદી માત્ર વેપાર નથી, પરંતુ આપણા વણકરો અને કારીગરોના પરિશ્રમનું સન્માન કરવા સાથે અર્થતંત્રને વધુ મજબૂત બનાવવાનો પણ એક સંકલ્પ છે.

મંત્રીએ નાગરિકોને હાથશાળના ઉત્પાદનોનો વધુમાં વધુ ઉપયોગ કરવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે,

સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપીને આપણે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકીએ છીએ તેમજ ભારતની સમૃદ્ધ હાથશાળ પરંપરાને વિશ્વના દરેક ખૂણે પહોંચાડવામાં સહભાગી બની શકીએ છીએ.

### કૃષિ મંત્રી વાઘાણીના અધ્યક્ષસ્થાને 'હર ઘર તિરંગા' અભિયાનના આયોજન અંગે બેઠક

# 'હર ઘર તિરંગા' અભિયાનને જનઆંદોલન બનાવવા જિલ્લાવાસીઓને મંત્રી જીતુભાઈએ કરી અપીલ

**આવતીકાલથી થી ૧૩ ઓગસ્ટ દરમિયાન જિલ્લામાં તિરંગા યાત્રા સહિત વિવિધ દેશભક્તિના વિવિધ કાર્યક્રમોનું આયોજન**

ભાવનગર,તા.૮
ભારતના રાષ્ટ્રધ્વજ પ્રત્યે ગૌરવ, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ પ્રબળ બનાવવા રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લામાં તા. ૦૯થી ૧૩ ઓગસ્ટ દરમિયાન યોજાનારા વિવિધ કાર્યક્રમોના સુચારુ આયોજન માટે આજે ભાવનગર કલેક્ટર કચેરી ખાતે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય આયોજન બેઠક યોજાઈ હતી.

બેઠકમાં કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે 'હર ઘર તિરંગા' અભિયાન માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ દરેક નાગરિકમાં રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય એકતા અને તિરંગા પ્રત્યે ગૌરવની ભાવના પ્રજવલિત કરતું જનઆંદોલન છે. જિલ્લાના દરેક ઘર સુધી આ અભિયાનનો સંદેશ પહોંચે અને દરેક પરિવાર ગૌરવપૂર્વક પોતાના નિવાસસ્થાને તિરંગો ફરકાવે તે માટે જનભાગીદારીને વ્યાપક બનાવવાની તેમણે અપીલ કરી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે તા. ૦૯થી ૧૩ ઓગસ્ટ દરમિયાન ભાવનગર શહેર, જિલ્લાના તમામ તાલુકા મથકો તેમજ નગરપાલિકા વિસ્તારોમાં તિરંગા યાત્રા, દેશભક્તિથી ઓતપ્રોત સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો, વેપારી સંગઠનો, સામાજિક સંસ્થાઓ તથા યુવાશક્તિની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા તેમણે ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન જિલ્લા કક્ષાએ તા. ૧૩ ઓગસ્ટના રોજ યોજાનારી તિરંગા યાત્રાના આયોજન અંગે રૂટ પ્લાન, જનભાગીદારી, પ્રચાર-પ્રસાર, તિરંગા વિતરણ, વિવિધ વિભાગો વચ્ચેના સંકલન તેમજ નોડલ અને સહ-નોડલ અધિકારીઓની જવાબદારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કૃષિ મંત્રીએ તમામ તૈયારીઓ સમયસર પૂર્ણ કરવા તથા દરેક કાર્યક્રમ ગૌરવપૂર્ણ, સુવ્યવસ્થિત અને લોકભાગીદારીયુક્ત બને તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેક્ટર ડૉ. મનીષકુમાર બંસલે જિલ્લામાં યોજાનારા કાર્યક્રમોની વિગતવાર રૂપરેખા રજૂ કરી હતી તેમજ અત્યાર સુધી કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જિલ્લાના તમામ વિભાગો વચ્ચે અસરકારક સંકલન દ્વારા 'હર ઘર તિરંગા' અભિયાનનું સફળ અને ભવ્ય આયોજન સુનિશ્ચિત કરવામાં આવશે.

બેઠકમાં ધારાસભ્ય સેંજલબેન પંડ્યા, મેયર ઉષાબેન તલરેજા, જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, કમિશનર ડૉ.નરેન્દ્રકુમાર મીના, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા , સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, નિવાસી અધિક કલેક્ટર એન.ડી. ગોવાણી તથા જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરદાર પટેલ સ્નાતક મિત્ર મંડળના પ્રમુખ પદે રાજુ રાબડિયા નિયુક્ત



ભાવનગર,તા.૮
સરદાર પટેલ સ્નાતક મિત્ર મંડળની કારોબારી મિટિંગ તાઃ- ૫ઓગસ્ટને બુધવારે મળેલ જેમાં વર્ષ ૨૦૨૬-૨૭ ના હોદેદારોની વરણી કરી નિમણુક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે રાજુભાઈ રાબડીયા, સેક્રેટરી તરીકે મહેશભાઈ કાકડીયા તથા ટ્રેજરર તરીકે વિનોદભાઈ માલાણીને સર્વાનુમતે નિમણૂક કરવામાં આવેલ. આ કારોબારી મિટિંગમાં સંસ્થાના તત્કાલીન પ્રમુખ આર. કે. મયાણી દ્વારા નવા વર્ષના હોદેદારોને અભિનંદન પાઠવેલ તેમજ રમેશભાઈ મેંદપરા દ્વારા નવા વર્ષમાં સમાજ ઉત્થાનના વધુ સારા કામો થાય અને રાષ્ટ્ર નિર્માણમાં સંસ્થા સહયોગી બને તેવી અપેક્ષા સાથે શુભેચ્છા પાઠવેલ. તમામ હાજર કારોબારી સભ્ય એ સહર્ષ આ નિમણૂકને વધાવી હતી.

# પ્રશિક્ષણ મહાઅભિયાન :શહેર ભાજપ દ્વારા પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ

## અગિયાર સત્રોમાં જુદા જુદા વિષયો પર અપેક્ષિત કાર્યકર્તાઓને પ્રશિક્ષિત કરવામાં આવશે




ભાવનગર,તા.૮
ભાવનગર શહેર ભાજપ દ્વારા પંડિત દીનદયાળજી ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન ૨૦૨૬ અંતર્ગત તા. ૭ને શુક્રવારના રોજ સંતુ રિસોર્ટ ખાતે પ્રશિક્ષણ મહાઅભિયાનનું આયોજન કરવામાં આવેલ. ત્રણ દિવસના આ પ્રશિક્ષણ વર્ગના અગિયાર સત્રોમાં જુદા જુદા વિષયો પર અપેક્ષિત કાર્યકર્તાઓને પ્રશિક્ષિત કરવામાં આવશે.

સત્રમાં પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ, રાજયના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ઉષાબેન તલરેજા, પૂર્વ સાંસદ ભારતીબેન શિયાળ, પ્રશિક્ષણ વર્ગના સૌરાષ્ટ્રના ઈન્ચાર્જ ડૉ. રાજીવભાઈ પંડ્યા, ભાવનગરના પ્રભારી કમલેશભાઈ મીરાણી, પ્રશિક્ષણ વર્ગના વાલી દિલીપભાઈ પટેલ, વર્ગના ભાવનગરના ઈન્ચાર્જ મહેશભાઈ રાવલ, ત્રણેય મહામંત્રીઓ સહીત શહેર સંગઠન, તમામ સેલ, મોરચા અને સમિતિઓના હોદ્દેદારો, વરિષ્ટ આગેવાનો અને સંગઠનના પૂર્વ હોદ્દેદારો તેમજ અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિતિ રહ્યા હતાં.

# નેશનલ હાઇવે ઓથોરિટીની બલિહારી : મહુવા નજીક હાઇવેના સર્વિસ રોડ પર ૧૫ દિવસથી ભરાયેલા પાણી





ભાવનગર-મહુવા નેશનલ હાઈવે નંબર ૫૧ પર વડલી ગામ નજીકના સર્વિસ રોડ પર છેલ્લા ૧૫ દિવસથી વરસાદી પાણી ભરાયેલા છે. આના કારણે સ્થાનિક લોકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.પાણી ભરાવાને કારણે વાહનચાલકો આ સર્વિસ રોડનો ઉપયોગ કરી શકતા નથી. આ પરિસ્થિતિને લીધે વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થયો છે અને લોકોને વૈકલ્પિક માર્ગો શોધવા પડી રહ્યા છે.ગ્રામજનો દ્વારા આ મામલે નેશનલ હાઈવે ઓથોરિટીને વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. જોકે, તેમ છતાં સંબંધિત વિભાગ દ્વારા આ સમસ્યાના નિરાકરણ માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.ભાવનગરથી સોમનાથ સુધીનો આ નેશનલ હાઈવે કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આમ છતાં, નાની સમસ્યાઓનું પણ નિરાકરણ ન આવતા જવાબદાર વિભાગોની બેદરકારી સામે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# બે હરણ વચ્ચે ખેલાયો ખરાખરીનો જંગ !

**અમરેલી,તા.૮** સામાન્ય રીતે સિંહ, દીપડા કે આખલા જેવા પ્રાણીઓ વચ્ચેની લડાઈના દશ્યો જોવા મળતા હોય છે, પરંતુ બાબરા તાલુકાના ઘુઘરાળા નજીકના આંબલીધાર વિસ્તારમાં બે હરણ વચ્ચે જોરદાર ઈનફાઈટ જોવા મળતા લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું. શાંત અને ગભરૂ સ્વભાવ માટે જાણીતા હરણો એકબીજા સાથે યુદ્ધ કરતા હોય તેવા અદભુત દશ્યો પ્રથમ વખત સામે આવ્યા છે.

ઘુઘરાળા નજીક આવેલા આંબલીધાર વિસ્તારના રોડ કાંઠે બે હરણ અચાનક સામસામે આવી ગયા હતા. ત્યારબાદ બંને હરણો વચ્ચે શિંગડા ભટકાવીને જોરદાર લડાઈ શરૂ થઈ હતી. એકબીજા પર હુમલો કરતા અને સામસામે ટક્કર લેતા હતા. આ હરણોના દશ્યો જોઈને માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ પણ થોડીવાર માટે થંભી ગયા હતા.

સામાન્ય રીતે હરણને શાંત અને ગભરૂ પ્રાણી તરીકે જોવામાં આવે છે, પરંતુ બે હરણ વચ્ચે થયેલી આ ઈનફાઈટમાં તેમનું અલગ જ સ્વરૂપ જોવા મળ્યું હતું. રોડ પરથી પસાર થતા કેટલાક રાહદારીઓએ હરણો વચ્ચે ચાલી રહેલા યુદ્ધના સમગ્ર દશ્યો પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધા હતા.

ગઢડા નગરપાલિકાપાલિકા – ગઢડા જિ.બોટાદ

વોક ઇન ઇન્ટરવ્યુ

૧૧ માસના ધોરણે હંગામી-કરાર આધારીત જગ્યા ભરવાની જાહેરાત

સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ ગુજરાત અંતર્ગત ગઢડા નગરપાલિકાપાલિકા ખાતે સીટી મેનેજર-UWM ની જગ્યા માટે ૧૧ માસના કરાર આધારીત નીચે મુજબની વિગતે નિમણુંક કરવાની થાય છે. આ જગ્યા પર નિમણુક મેળવવા લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થેયીથી દિન-૧૫ માં અરજી તથા જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ અંગેના પ્રમાણપત્રો તેમજ અન્ય આધાર પુરાવાની સ્વપ્રમાણિત નકલો માત્ર આર.પી.એડી./સ્પીડ પોસ્ટ દ્વારા ગઢડાનગરપાલિકા, સ્ટેશન રોડ, ગઢડા-૩૬૪૭૫૦(જી.બોટાદ) ખાતે મોકલી આપવાની રહેશે.

| અ.નં. | હોદાનું નામ | શૈક્ષણિક લાયકાત | અનુભાવ | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | સીટી મેનેજર-UWM | B.E./B.Tech – Civil/Environment/Mechanical/Water Resource | ૧ વર્ષ (ડિગ્રી મેળવ્યા બાદનો) | રૂ.૩૦,૦૦૦/- (માસિક) |

નોંધ:- કવર પર જે જગ્યા માટે ઉમેદવારી કરી હોય તે જગ્યાનું નામ, સરનામું તથા મોબાઈલ નંબરનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

ચીફ ઓફિસર
ગઢડા નગરપાલિકાપાલિકા –

માહિતી-ભાવ-૫૧૭-૨૬

ઓન લાઇન જાહેર નિવિદા નં-૧૪/૨૦૨૬-૨૭

માર્ગ અને મકાન વિભાગ-જિલ્લા પંચાયત-ભાવનગર

કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ જીલ્લા પંચાયત ભાવનગર દ્વારા (ફોન. નં. ૦૨૭૮-૨૪૩૦૦૮-૨૪૨૨૫૪૮) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા નર્મદા, જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ તરફથી માન્ય યાદીમાં નોધાયેલ ઈજારદાર પાસેથી આંગણવાડી બાંધકામના કામોના કુલ ૭ (સાત) ટેન્ડર ત્રીજીવાર માંગવામાં આવેછે. જેની અંદાજી રકમ રૂ. ૧૦૨.૫૧ લાખ છે.

આ કામના ટેન્ડરો https://tender.nprocure.com વેબસાઈટ ઉપરથી મળશે. અને આ વેબસાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે. આ અંગેની વિગતવાર વિજ્ઞાપન મા.મ.પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી ખાતાની વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે. અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિદ્ધ કરવામાં આવશે.

ટેન્ડરો તા.૧૭/૮/૨૦૨૬, સમય: ૧૮-૦૦ સુધીમાં ઓન લાઈન રજુ કરવાનાં રહેશે.

માહિતી-ભાવ-૫૧૪-૨૬

પશ્ચિમ રેલવે
વડોદરા મંડળ

OHEમાં ફેરફાર

ટેન્ડર નં. EL-TRD-Tender-25-26-37-3 ભારતના રાષ્ટ્રપતિ વતી મંડળ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – 390 004 દ્વારા નીચેના કામ માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર નં. અને કામનું નામ: EL-TRD-Tender-25-26-37-3 ખરસાલિયા અને રણોલી ખાતે લાઇનોની CSR વધારવાના સંબંધમાં OHE માં ફેરફારનું કામ. કામની અંદાજિત કિંમત (રૂ.માં): ₹2,26,79,249.00/- બિડ સિક્યોરિટી (રૂ.માં): ₹4,53,600.00 ટેન્ડર દસ્તાવેજની કિંમત અને કામ પૂર્ણ કરવાની મુદત: 18 મહિના. ટેન્ડરનું સમયપત્રક: ટેન્ડર બંધ કરવાની તારીખ: 07/09/2026 છે અને તે જ દિવસે બપોરે 15:00 કલાકે ટેન્ડર બંધ થશે. વેબ પેજ વિગતો અને સ્થાન માટે સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો અને ઓફિસનું સરનામું અને સ્પષ્ટતા જોઈ શકાય છે: વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ TRD) પશ્ચિમ રેલવે, પ્રતાપ નગર,વડોદરા390004

BRC 188

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

**રજી નં.૨૬૬/૨૦૨૬**

**અપીલકર્તાના વિ.વકિલશ્રી અજય એમ.પરમાર**
**અરજદારશ્રી :- શ્રી પરમાર લાભુબેન વેલાભાઇ**
**મું. મોટી જાગધાર તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. મોટી જાગધાર તા.મહુવા જિ.ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના મોટી જાગધાર ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્ર પરમાર દામજીભાઇ વેલાભાઈ નો જન્મ તા.૦૧-૦૬-૧૯૯૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૬/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

**નં.જન્મ મરણ/અરજી નં.૨૭૨/૨૦૨૬**

**અરજદારશ્રી :- રુકૈયાબાનુ રજાહુસેન વસાયા**
**સરનામું :- મું.અલહાધી એપાર્ટમેન્ટ, ભાદ્રોડ ગેટ,મહુવા તા.મહુવા જી. ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**ત.ક.મ.શ્રીગુંદરણા તા.મહુવા, જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના મું.અલહાથી એપાર્ટમેન્ટ, ભાદ્રોડ ગેટ, મહુવા તા.મહુવા જી. ભાવનગર મુકામેના શ્રી રુકૈયાબાનુ રજાહુસેન વસાયા એ તેમના પુત્રીશ્રીગુલશનબાનુ રજાહુસેન રાજાણી નો જન્મ તા.૨૧-૦૭-૧૯૭૧ ના રોજ ગુંદરણા મુકામે થયેલ હોવાનું જાહેર કરેલ છે. જેની નોંધ સામાવાળાન દફતરે કરવાની રહી ગયેલ હોય અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મહુવામાં ઉપરોક્ત નંબરની સદરહું અરજી દાખલ કરેલ છે.

આથી જો કોઈ વ્યક્તિને, આ બાબતે વંધો કે તકરાર હોય, તો તેઓએ જાતે રૂબરૂ અગર તેમના દ્વારા નિયુક્ત કરેલ વકીલશ્રી મારફતે વાંધો રજુ કરવા, અત્રેની કોર્ટમાં નોટીસ જાહેર થયાના દિવસ-૩૦માં અચુક હાજર રહેવું. અન્યથા સદરહું અરજીના સંદર્ભમાં યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તારીખ ૦૬ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

સ્થળ: મહુવા
તારીખ:૦૬/૦૮/૨૦૨૬

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

**રજી નં.૨૬૭/૨૦૨૬**

**અપીલકર્તાના વિ.વકિલશ્રી અજય એમ.પરમાર**
**અરજદારશ્રી :- વાઘેલા રમેશભાઈ ધનાભાઈ**
**મું. સેદરડા તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.સેદરડા તા.મહુવા જિ.ભાવનગર**

**-:: સાહેદ સમન્સ ::-**

આ કામના સામાવાળાને આ સાહેદ સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેઓના પુત્ર પુનેશ રમેશભાઈ વાઘેલાની જન્મ નોંધ તા.૨૨-૦૩-૨૦૨૨ માટે અત્રેની કોર્ટમાં જન્મ-મરણ અધિનિયમની-૧૯૬૯ ની કલમ-૧૩ની પેટા કલમ-૩ હેઠળ અરજી દાખલ કરેલ. જે કામથી તમોને સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, જન્મ-મરણ રજીસ્ટરમાં તેમનું નામ છે કે નહીં તે ખાત્રી કરવા અસલ રજીસ્ટર તથા જવાબ સાથે મુદતે તા. ૧૧-૦૯-૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેશો. આ ઉપરથી તમોને તાકીદ કરવામાં આવે છે કે, જો વ્યાજબી કારણ વગર સદરહું વખતે અને મુકામે હાજર થવાની ગફલત કરશો અથવા તેમ કરવાની ના કહેશો તો તમને હાજર થવાની ફરજ પાડવા સારૂ વોરંટ કાઢવામાં આવશે.

**આજ તા.૦૬/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

**રજી નં.૨૮૨/૨૦૨૬**

**અપીલકર્તાના વિ.વકિલશ્રી એન.જી.મહેતા**
**અરજદારશ્રી :- શ્રી જેઠવા શીવાભાઈ ડાયાભાઈ**
**મું. દયાળ તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. દયાળ તા.મહુવા જિ.ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના દયાળ ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્રી જેઠવા સુનીતાબેન શીવાભાઈ નો જન્મ તા.૦૧-૦૧-૧૯૯૫ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૬/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**






LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ **8** તા. ૦૮-૦૮-૨૦૨૬, શનિવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયાના નેતૃત્વમાં હણોલમાં કાલે 'ફિટ ઈન્ડિયા-સન્ડેઝ ઑન સાયકલ'નો ૮૫મો રાષ્ટ્રીય ઉપક્રમ



ભાવનગર,તા.૮

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તેમજ શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાના નેતૃત્વમાં તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના મોડેલ ગ્રામ હણોલ ખાતે 'ફિટ ઈન્ડિયા–સન્ડેઝ ઑન સાયકલ' અભિયાનનો ૮૫મો રાષ્ટ્રીય કાર્યક્રમ યોજાશે. દેશવ્યાપી ફિટનેસ ચળવળને વધુ વેગ આપવાની સાથે 'નશા મુક્ત ભારત'ના સંદેશને જનજન સુધી પહોંચાડવાનો આ કાર્યક્રમ મહત્વપૂર્ણ અવસર બનશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'ને વધુ વ્યાપક જનસમર્થન મળે અને યુવાનોમાં સ્વસ્થ, સક્રિય તથા નશામુક્ત જીવનશૈલી પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી આ રાષ્ટ્રીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત રમતવિજ્ઞાન નિષ્ણાત તથા સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ કોચ ભીષ્મ માધાણી, જાણીતા ફિટનેસ ટ્રેનર ઉર્વશી પરવાની તેમજ હેલ્થ કોચ અને પ્રેરણાત્મક વક્તા સપના વ્યાસ વિશેષ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં સાયકલિંગ ઉપરાંત યોગ, ઝુંબા, ગરબા સહિતની ફિટનેસ પ્રવૃત્તિઓ તેમજ વોલીબોલ, ચેસ, કેરમ અને દોરડાકૂદ જેવી વિવિધ રમતગમત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં ગ્રામજનો, યુવાનો, રમતવીરો અને સાયકલિંગપ્રેમીઓને આ કાર્યક્રમમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય રમત પ્રાધિકરણ દ્વારા યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના સહયોગથી દેશભરમાં નિયમિત આયોજિત 'ફિટ ઈન્ડિયા–સન્ડેઝ ઑન સાયકલ' અભિયાન ફિટનેસને જનઆંદોલનનું સ્વરૂપ આપીને દરેક નાગરિકને સ્વસ્થ, સક્રિય અને નશામુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરી રહ્યું છે.

**હણોલથી ગૂંજશે 'ફિટ ઈન્ડિયા' અને 'નશા મુક્ત ભારત'નો રાષ્ટ્રીય સંદેશ : આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ફિટનેસ નિષ્ણાતોની ઉપસ્થિતિ બનશે કાર્યક્રમનું વિશેષ આકર્ષણ**

### સિદસર ગેરકાયદે મદ્રેસા અને મૌલાના ફંડિંગ કેસમાં SOGની વધુ તપાસ

## મદ્રેસાના ટ્રસ્ટીઓ અને ફંડીંગ કરનાર આરોપીના સબંધીઓ સહિત પાંચ લોકોના નિવેદન લેવાશે

**ફંડિંગ નેટવર્કનું મૂળ શોધવા જેલમાં રહેલા આરોપીઓની પૂછપરછ બાદ ભરુચની દારુલ ઉલમ મદ્રેસાના બે ટ્રસ્ટી તેમજ અનસ-યુસુફના પિતા-કાકાને નિવેદન માટે બોલાવાયા**

ભાવનગર,તા.૮

ભાવનગરના સિદસર ૨૫ વારીયા વિસ્તારમાં મૌલાના દ્વારા ગરીબ પરિવારોના બાળકોને ધાર્મિક રીતે પ્રભાવિત કરવા સહિતની શંકાસ્પદ પ્રવૃત્તિના પ્રકરણમાં ભાવનગર SOGની તપાસ વધુ આગળ વધી છે. સિદસર વિસ્તારમાં CASO કામગીરી દરમિયાન મૌલાનાની ધરપકડ બાદ તેને ફંડિંગ પૂરું પાડવાના આરોપસર અટકાયત કરાયેલા અનસ લાખાણી અને યુસુફ મારફાણીને અદાલતના હુકમથી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. જોકે, કેસના મૂળ સુધી પહોંચવા SOGએ કોર્ટમાંથી મંજૂરી મેળવી જેલમાં જઈને બંને આરોપીઓની વિગતવાર પૂછપરછ કરી હતી.

આ પૂછપરછ દરમિયાન સામે આવેલી નવી વિગતોના આધારે SOG દ્વારા હવે ત્રણેય આરોપીઓ સાથે સંકળાયેલી મહત્વની વ્યક્તિઓને નિવેદન આપવા માટે નોટિસો ફટકારવામાં આવી છે. SOG PI શીંગરખીયાના જણાવ્યા અનુસાર, આરોપી મૌલાનાએ જ્યાંથી ધાર્મિક શિક્ષણ મેળવ્યું હતું તે ભરૂચ સ્થિત દારુલ ઉલમ મદ્રેસાના બે ટ્રસ્ટીઓ તેમજ ફંડિંગ કરનાર અનસ અને યુસુફના પિતા તથા કાકા સહિતના સબંધીઓને પૂછપરછ માટે બોલાવાયા છે. મૌલાનાને કયા હેતુથી અને કેટલા પ્રમાણમાં નાણાં આપવામાં આવતા હતા તેમજ આ સમગ્ર ફંડિંગ નેટવર્કમાં અન્ય કોઈ મોટા ચહેરાઓની સંડોવણી છે કે કેમ તે અંગેની ઊંડાણપૂર્વકની તપાસ બાદ આ કેસમાં વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

## આનંદનગરમાંથી ૫૯ હજારના વિદેશી દારૂ અને સ્કૂટર સાથે એક શખ્સ ઝડપાયો

**ભાવનગર એલ.સી.બી.ની કાર્યવાહી, ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો દાખલ**

ભાવનગર,તા.૮

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કર્મીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન મળેલી બાતમીના આધારે આનંદનગર, ત્રિકોણ બાગ વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસે સ્લમ બોર્ડમાં રહેતા વિરભદ્રસિંહ ભૂપતસિંહ ગોહિલને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે આરોપીના કબ્જામાંથી કિંગફિશર કંપનીના ૫૦૦ એમ.એલ. ના સીલપેક બીયર ટીન નંગ ૭૨ (કિં.રૂ.૯,૦૦૦) તેમજ ગુનામાં વપરાયેલ ભુરા રંગનું સુઝુકી એસેસ સ્કૂટર મળી કુલ રૂપિયા ૫૯,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી પાસે દારૂ રાખવા અંગેનું કોઈ પરમિટ કે પાસ ન હતો. આરોપી વિરભદ્રસિંહ ગોહિલ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટનીકલમ ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી) અને ૯૮(૨) મુજબ ધોરણસર ગુનો નોંધી તેની ધરપકડ કરી ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## મોટા ખુંટવડામાં જાહેરમાં જુગાર રમતા ચાર ગેમ્બલરો ગિરફ્તાર

**રોકડ રકમ અને ગંજીપાના સહીત મુદામાલ જપ્ત**

ભાવનગર,તા.૮

મોટા ખુટવડા પોલીસ સ્ટેશનના પેટ્રોલીંગ દરમિયાન પોલીસ સ્ટાફને મળેલી બાતમીના આધારે મોટા ખુટવડા ગામે બજરંગપુરા વિસ્તારમાં આવેલી શેરીમાં સ્ટ્રીટ લાઇટના અંજવાળે દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન ખુલ્લી જગ્યામાં ગોળ કુંડાળું વળીને તીન પત્તીનો હારજીતનો જુગાર રમી રહેલા ચાર ઈસમોને પોલીસે કોર્ડન કરી ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે સ્થળ પરથી જયદિપનાથ ઉર્ફે ગડી દિનેશનાથ માંગરોળીયા, સંજયનાથ વલ્લભનાથ વાઘેલા, વિજયનાથ ગોવિંદનાથ પરમાર અને રામનાથ રાયમલનાથ ડાવાણી (તમામ રહે. મોટા ખુટવડા, તા. મહુવા, જી. ભાવનગર)ને જુગાર રમતા ઝડપી લીધા હતા. આરોપીઓની અંગજડતી અને પટમાંથી ગંજીપાનાના પાના નંગ ૫૨ તથા રોકડ રૂપિયા ૨,૫૩૦ મળી કુલ કિંમત રૂપિયા ૨,૫૩૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા તમામ ચારેય આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી, પોલીસ દ્વારા પંચનામું કરી કાયદેસરની અટકાયતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## બાઈક સવાર બે શખ્સો પાસેથી બિયરના ૨૪ ટીન ઝડપાયા

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ સ્ટેશનના નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ દરમિયાન પોલીસ કર્મીઓને મળેલી બાતમીના આધારે સરતાનપર રોડ પર બજરંગદાસ બાપાની મઢી પાસેથી એક શંકાસ્પદ મોટરસાઈકલને અટકાવવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન મોટરસાઈકલ પર સવાર બે ઈસમો પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પકડાયેલા ઈસમોની પૂછપરછ કરતા તેઓએ પોતાના નામ જનકભાઈ મનુભાઈ ખેર (રહે. કઠવા) અને મુન્નાભાઈ ઉર્ફે ભુટી આણંદભાઈ મકવાણા (રહે. અલંગ) હોવાનું જણાવ્યુ હતું.

પોલીસે આરોપીઓના કબજામાંથી 'બડવાઈઝર મેગ્નમ' પ્રીમિયમ બીયરના ૫૦૦ એમ.એલ. ના કંપની સીલપેક ટીન નંગ ૨૪ (કિંમત રૂપિયા ૩,૦૦૦) તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ હોન્ડા સાઈન મોટરસાઈકલ (રજી. નંબર ય્ન ૦૪ ઝઉઁ ૭૯૯૧, કિંમત રૂપિયા ૩૦,૦૦૦) મળી કુલ રૂપિયા ૩૩,૦૦૦ નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓ પાસે દારૂ રાખવા અંગેની કોઈ જ પરમિટ કે પાસ ન હતો. આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટનીકલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબ ગુનો નોંધી તળાજા પોલીસ દ્વારા પંચનામું કરી કાયદેસરની અટકાયતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**તળાજા પોલીસે બાઈક સહીત ૩૩ હજારનો મુદામાલ જપ્ત કર્યો**

## ૧૨ વર્ષ અગાઉના લાંચ કેસમાં તત્કાલીન અધિક મદદનીશ ઈજનેરને પડી જેલ

**ગારિયાધારના પચ્છેગામના બનાવમાં ભાવનગરના ૪થા એડીશનલ સેશન્સ જજ હેતલબેન દવેનો ચુકાદો**

ભાવનગર,તા.૮

ભાવનગર જીલ્લાના ગારીયાધાર તાલુકાના પચ્છેગામ ખાતે ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાન ભૂગર્ભ યોજનાના કામો મંજૂર થયા હતા. ફરિયાદી રમેશભાઈ પરશોતમભાઈ ગોહિલે આ મજૂરી કામ પૂરું કર્યા બાદ તેના મંજૂર થયેલા રૂ. ૯,૨૮,૮૪૨ ના બિલના નાણાં મેળવવા માટે તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઈજનેર કિશોરભાઈ બાવજનીભાઈ ધોરાજીયાનો સંપર્ક કર્યો હતો. આક્ષેપિત ઈજનેરે બિલ પાસ કરવાના બદલામાં ૩% લેખે રૂ. ૨૮,૦૦૦ ની લાંચ માંગી હતી, જે રકમ રકઝકના અંતે રૂ. ૨૧,૦૦૦ નક્કી કરવામાં આવી હતી.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોય, તેઓએ ભાવનગર લાંચ રૂશ્વત બ્યુરો (છઝ્મ) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે તા. ૨૪/૦૪/૨૦૧૪ ના રોજ એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ દરમિયાન આરોપી કિશોરભાઈ બાવજનીભાઈ ધોરાજીયા ફરિયાદી પાસેથી રૂ. ૨૧,૦૦૦ ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા, જેથી પોલીસે તેમની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કેસ ભાવનગરના ૪થા એડીશનલ સેશન્સ જજ હેતલબેન સી. દવેની અદાલતમાં ચાલી ગયો હતો. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ વિજયભાઈ માંડલીયાની અસરકારક દલીલો, ૫ સાક્ષીઓની ગવાહી અને ૩૧ જેટલા આધારભૂત પુરાવાઓને ધ્યાને રાખી અદાલતે આરોપી કિશોરભાઈ બાવજનીભાઈ ધોરાજીયાને ભ્રષ્ટાચાર અધિનિયમની કલમ-૭ હેઠળ ૩ વર્ષની સખત કેદની સજા તથા કલમ ૧૩(૧)(ડી), ૧૩(૨) હેઠળ ૪ વર્ષની સજા અને કુલ રૂ. ૫૦,૦૦૦ નો દંડ ફટકારતો સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે.






## સિહોરના ગુંદાળા વિસ્તારમાં સિંહ પરિવારે વધુ એક ગાયનું મારણ કરતા માલધારીઓમાં રોષ

**વહેલી સવારે વોરાની વાવ રોડ પર માલધારીની વાડીમાં બની ઘટના; વન વિભાગ ઘટનાસ્થળે દોડી ગયું, વિડિઓ વાયરલ**



તસવીર : કૌશીક વ્યાસ

ભાવનગર,તા.૮

ભાવનગર જિલ્લાના સિહોર પંથકમાં વન્ય પ્રાણીઓની અવરજવર અને મારણના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે સિહોરના ગુંદાળા વિસ્તારમાં સિંહ પરિવાર દ્વારા વધુ એક પશુનું મારણ કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. સિંહ પરિવાર દ્વારા વારંવાર મૂગા પશુઓને નિશાન બનાવવામાં આવતા સ્થાનિક માલધારીઓમાં વન વિભાગ સામે ભારે રોષ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સિહોરના ગુંદાળા વિસ્તારમાં વોરાની વાવ તરફ જવાના રસ્તા પર આવેલી જેન્તીભાઈ પ્રેમજીભાઈ માલધારીની વાડીમાં આજે વહેલી સવારે સિંહ પરિવાર દ્વારા એક ગાયનું મારણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક માલધારીઓના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં એક સિંહ, સિંહણ અને તેમના ચાર બચ્ચાઓનો પરિવાર લાંબા સમયથી ધામા નાખીને બેઠો છે, જેના કારણે પશુપાલકોમાં ભયનો માહોલ છવાયો છે. સિંહ પરિવાર દ્વારા ગાયનું મારણ કરવામાં આવી રહ્યું હોય તેવા લાઈવ વિડીયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સમગ્ર સ્થિતિનો તાગ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે માલધારીઓમાં સુરક્ષાને લઈને ચિંતા વ્યાપી ગઈ છે.